Extra No. 427

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, DECEMBER 31, 2025 / PAUSHA 10, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC)

ગાંધીનગર

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (પાંચમો સુધારો) વિનિયમો, ૨૦૨૫

૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક ૦૯

જીઈઆરસી/૨૦૨૫/૧૨/ટેક/૨૪૮૭: ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (પાંચમો સુધારો) વિનિયમો, ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક ૯ નો ગુજરાતી અનુવાદ માત્ર સર્વે લોકોની જાણ અર્થે છે અને સદરહુ વિનિયમો, ૨૦૨૫ ના અંગ્રેજી જાહેરનામાને અર્થઘટન અર્થે અધિકૃત ગણવો.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC)

ગાંધીનગર

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (પાંચમો સુધારો) વિનિયમો, ૨૦૨૫

૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક ૦૯

જીઈઆરસી/૨૦૨૫/૦૯/ટેક/૨૦૯૨: વીજ અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો અધિનિયમ ૩૬મો)ની કલમ ૪૫ અને ૪૬ અને કલમ ૧૮૧ (૨)(ભ) સાથે વાંચતાં, તે હેઠળ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને પ્રાપ્ત થયેલ સત્તાઓ અને તે અંગે પ્રાપ્ત થયેલ અન્ય તમામ સત્તાઓ અંતર્ગત, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) વિનિયમો, ૨૦૦૫ (૨૦૦૫નું જાહેરનામા ક્રમાંક ૯) (મુખ્ય વિનિયમો)માં સુધારો કરે છે.

૧. ટૂંકું શીર્ષક, વ્યાપ્તિનું ક્ષેત્ર અને આરંભ

૧. આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (પાંચમો સુધારો) વિનિયમો, ૨૦૨૫ કહેવાશે.

૨. આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

૩. આ વિનિયમો સરકારી રાજપત્રમાં તેની જાહેરનામાની તારીખથી અમલમાં આવશે.

મુખ્ય વિનિયમોનાં પ્રકરણ-૮માં સુધારો:

૧. મુખ્ય વિનિયમોની કલમ ૮.૨ (છ) ના સ્થાને નીચે મુજબની કલમ મૂકવામાં આવે છે:

છ. પ્રકીર્ણ કામો માટેના ચાર્જીસ

પરવાનેદાર ગ્રાહક માટે કામ હાથ ધરે અને આગળની અનુસૂચિમાં જેનો સમાવેશ ન થયો હોય તેવા કોઈપણ કામ માટે અગાઉથી ચૂકવવાપાત્ર ખર્ચ, મજૂરી અને માલસામાનના ખરેખરા ખર્ચ વત્તા વ્યવસ્થા ખર્ચને આવરી લેવા ૧૫% રહેશે. જરૂરી હોય ત્યારે અંદાજ રજૂ કરાશે. પરવાનેદાર ગ્રાહક વતી, એજન્સી કોઈ કામ હાથ ધરે તો તે માટે અગાઉથી ચૂકવવાપાત્ર ખર્ચ, મજૂરી અને માલસામાનનું ખરેખરું ખર્ચ વત્તા વ્યવસ્થા ખર્ચ આવરી લેવા ૧૫% રહેશે. અંદાજ, તદનુસાર રજૂ કરાશે.

જોકે માળખાકીય પરિયોજનાઓ નો અમલ કરનાર (ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર), પ્રસારણ / વિતરણ લાઈનના માલિકને નીચેના દરે દેખરેખ/સામાન્ય વ્યવસ્થાખર્ચની ચુકવણી કરશે:

માળખાકીય પરિયોજના	ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર દ્વારા શીફ્ટીંગનાં કામો	પ્રવાહન/વિતરણ પરવાનાધારક દ્વારા શીફ્ટીંગનાં કામો
ભારતમાલા પરિયોજના હેઠળની પરિયોજનાઓ	૨.૫ ટકા	લાગુ પડતું નથી
વીજ મંત્રાલય, કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અને તેના સુધારાઓ અનુસાર કેન્દ્ર / રાજ્ય સરકારની માળખાકીય પરિયોજનાઓ જેમ કે નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) / સ્ટેટ હાઈવે ઓથોરિટી, બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO), ભારતીય રેલ્વે (IR), એરપોર્ટ ઓથોરિટી, સિંચાઈ વિભાગ, વગેરેની પરિયોજનાઓ અંતર્ગત.	૨.૫ ટકા	૧૫ ટકા

રંજીથ કુમાર જે., આઈ.એ.એસ.
સચિવ.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૪/૧૦/૨૦૨૫

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.01.03 09:11:52 IST